GJRJ020220692023	सत्य मेव जयते	દાખલ તારીખ – ૨૪/૦૮/૨૦૨૩ નોંધ્યા તારીખ – ૨૪/૦૮/૨૦૨૩ નિર્ણય તારીખ – ૧૧/૦૮/૨૦૨૬ સમયગાળો – વર્ષ માસ દિવસ

<u>રાજકોટ જિલ્લાના મહે. દસમાં એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, જી. રાજકોટ.</u>

ફોજદારી કેસ નં. ૧૬૧૫૫/૨૦૨૩

આંક : ૫૦

ફરીયાદી – **એચ.ડી.એફ.સી. બેંક લી.,**
પી.ઓ.એ. હોલ્ડર પ્રતિક ગુણવતભાઈ પરમાર,
હે.પહેલો માળ, આકાંક્ષા બિલ્ડીંગ,
સુર્યકાંત હોટલની બાજુમા, ગોંડલ રોડ,
રાજકોટ.

વિરૂદ્ધ

આરોપી – **Manek Vanraj Nandhubha,**
રહે.ટીવી સ્ટેશન સામે, ટેલીફોન ગેટ,
ઓખામંડળ દ્વારકા
ખંભાળીયા ૩૬૧૩૩૫.

<u>ગુનો – ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એક્ટ, ૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ</u>

ફરીયાદપક્ષે વિ.વ.શ્રી એ.સી.વ્યાસ
આરોપી તરફે વિ.વ.શ્રી એચ.ડી.મકવાણા

<u>–૦– ચુ કા દો –૦–</u>

(૧).. ફરિયાદપક્ષના કેસની ટુંક હકીકત એવી છે કે, ફરીયાદીએ કંપની દવારા આપવામાં આવેલ કુલમુખત્યારનામાને આધારે હાલની ફરીયાદ

દાખલ કરેલ છે. આરોપીએ ફરીયાદી પાસેથી લોન નંબર : ૮૯૩૬૪૪૧ થી TWO WHEELER LOAN લીધેલી હતી. જે લોનના હપ્તાની ચુકવણી આરોપીએ માસીક નીયમીત હપ્તાથી ચુકવવાની હતી અને તે રકમ ચુકવવા માટે આરોપીએ તેમની બેંકના ખાતા નંબર : ૫૦૧૦૦૨૫૦૬૯૩૮૬૨ માંથી તે રકમ ઉપાડી લેવાની સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન ફરીયાદીને આપેલ હતી. ઉપરોકત સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશનના આધારે ફરીયાદીએ પોતાની બેંકમાંથી તહોમતદારની બેંકના ખાતા માથી રૂા. ૧,૩૫,૭૭૦.૫૬/- વસુલવા માટે તા.૧૨/૦૭/૨૩ મોકલતા પરંતુ તહોમતદારની બેંક તરફથી તા. ૧૨/૦૭/૨૩ ના રોજ "ઈનસફીસીયન્ટ ફંડ'' ના શેરા સાથે તે રકમ ચુકાવાયા વગરની ફરીયાદી બેંકમાં પરત આવેલા જેની જાણ ફરીયાદીની બેં કે ફરીયાદીને કરેલી. આરોપીએ આપેલ સ્ટેન્ડીંગ ઇન્સ્ટ્રકશન મુજબની રકમ ફરીયાદીને ન મળતા ફરીયાદીને રકમ ન મળતા અંગેની જાણ કરતી નોટીસ તેઓના એડવોકેટ મારફત રજી. એડી.થી તહોમતદારને તા. ૨૮/૦૭/૨૩ ના રોજ કરેલ હતી જે રજી. એડી. આ કામના તહોમતદારને તા. ૦૪/૦૮/૨૩ ના રોજ બજી ગયેલ છે. આજદિન સુધી તહોમતદારે તેઓની બાકી લેણી રકમ ચુકવેલ નથી. તહોમતદારે તેઓની નોટીસનો કોઈ જવાબ આપેલ નથી. આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ-૨૫ મુજબ ગુન્હો કરેલો હોય તેઓને કોર્ટ સમક્ષ પકડી મંગાવી સખ્ત નસીયતે પહોચાડવા અરજ કરેલ છે અને તહોમતદારને કલમ-૨૫ મુજબ દંડ કરવાનો હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨).. ફરીયાદીએ હકીકત વાળી, ફરીયાદ રજુ કરતાં તત્કાલીન મેજીસ્ટ્રેટશ્રી દવારા આરોપી વિરૂધ્ધ પ્રાઈમાફેસી કેસ જણાઈ આવતા કિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૦૪ ની જોગવાઈ અન્વયે, આરોપી વિરૂધ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ-૨૫ અન્વયેના ગુના સબબના સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. જે આરોપીને બજવણી થઈ જતાં અને આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરીયાદ તથા તેની સાથે ફરીયાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલો

ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૦૭ મુજબ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કરી સમન્સ ટ્રાયલ કેસ ચલાવવાનો હોય ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો આંક–૧૦ થી જવાબ (પ્લી) નોંધવામાં આવતા આરોપીએ ગુનો કબુલ ન રાખતા, સદરહુ ફરીયાદનું કામ, ફરીયાદપક્ષના પુરાવા ઉપર મુલત્વી રાખવામાં આવેલ.

(૩).. આરોપી સામેના ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ– ૨૫ ના ગુનાનો આરોપ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે, નીચે મુજબનો વિગતવાર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

:: મૌખીક પુરાવો ::

અ.નં.	સાહેદનુ નામ	આંક
૧	ફરીયાદી પ્રતિકકુમાર ગુણવતભાઇ પરમારનુ સરતપાસનુ સોગંદનામુ	૦૪

:: દસ્તાવેજી પુરાવો ::

અ.નં.	દસ્તાવેજની વિગત	આંક
૧	આરોપીની બેંક દ્વારા આપવામા આવેલ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન રીર્ટન કર્યાનો મેમો	૨૫
૨	ફરીયાદીએ આરોપીને આપેલ લીગલ નોટીસ અસલ	૨૬
૩	લીગલ નોટીસ રજી.એડી. કર્યા અંગેની અસલ પહોંચ	૨૭
૪	ટ્રેક રીપોર્ટ	૨૮
૫	પાવર ઓફ એર્ટની	૨૯
૬	એકાઉન્ટ સ્ટેટમેન્ટ	૩૦
૭	બોર્ડ રીઝોલ્યુશન	૩૧
૮	ફરીયાદીનુ આઇ.ડી.કાર્ડ	૩૨
૯	૬૫–બી નુ સર્ટીફીકેટ	૪૧
૧૦	લોન એપ્લીકેશન ફોર્મની ખરીનકલ	૪૬
૧૧	લોન એગ્રીમેન્ટની ખરી નકલ	૪૭
૧૨	એસ.આઇ.મેન્ડેટની ખરીનકલ	૪૮

૧૩	સ્ટેટમેન્ટ ઓફ અકાઉન્ટની ખરીનકલ	૪૯

(૪).. ફરીયાદપક્ષ તર્ફે ઉપરોકત પુરાવો રજુ થયેથી ફરીયાદીની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ. ત્યારબાદ, સદર કામ આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ મુજબ વધારાનું નિવેદન નોંધવા સારું મુલતવી રાખેલ અને આરોપીએ પોતાના વધારાના નીવેદનમા તમામ સવાલોનો ઈન્કારીચત સ્વરૂપમાં જવાબ આપેલ છે. જ્યારે બચાવમાં સોગંદ ઉપર જુબાની આપવા તથા સાહેદો તપાસવાના પ્રશ્નમાં "નકારમાં" જવાબ આપેલ છે. વિશેષમાં જણાવેલ છે કે, '' હાલનો કેસ તા.૧૨/૭/૨૩ ના રોજ રકમ રૂા.૧,૩૫,૭૭૦/– બાબતે દાખલ કરેલ છે અને તા.૫/૭/૨૩ ના રોજ માર્ક ૩૫/૩ વાળા સ્ટેટમેન્ટ મુજબ રૂા.૧,૨૨,૦૮૨/– લેણુ નીકળે છે. લેણી રકમ કરતા વધુ રકમની ફરીયાદ છે. આરોપી નિર્દોષ હોય નિર્દોષ છોડી મુકવા હુકમ કરવા નમ્ર અરજ છે. ''

(૫).. ત્યારબાદ, સદર કામ દલીલ ઉપર રાખવામાં આવેલ અને ફરીયાદીના વિ.વ.શ્રી દ્વારા આંક–૪૪ થી લેખીત દલીલ રજુ રાખેલ, જે ધ્યાને લીધી તેમજ ફરીયાદીના વિ.વ.શ્રીની મૌખીક દલીલ કરી જણાવેલ કે, આ કામના ફરીયાદી બેંકના અધિકૃત કર્મચારી તરીકે પ્રતિકભાઇ નાઓએ હાલની ફરીયાદ દાખલ કરેલ છે જે ફરીયાદ દાખલ કરવા આંક–૩૧ થી બોર્ડ રીઝોલ્યુશન રજુ કરવામા આવેલ છે ત્યારે આ કામના આરોપીએ ટુ વ્હીલર લોન લેવા અરજી કરેલ જે અનુસંધાને આરોપીના લોન ખાતા નં.૮૯૩૬૪૪૧ ના કામે બેંકના નિયમોને આધીન આરોપીને લોન ધીરાણ આપવામા આવેલ જે લોન ધીરાણ અનુસંધાને આરોપીએ ફરીયાદી બેંકને એસ.આઈ.મેન્ડેટ તેમના બેંક ખાતાનો લખી આપેલ અને તા.૨૮/૭/૨૦૨૩ ના રોજ આરોપીના ખાતામાં બેલેન્સ ન હોવાથી રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– નુ એસ.આઈ. મેન્ડેટ ઈનસફીસીયન્ટ ફંડના શેરાથી પરત આવેલ જે આંક–૨૫ થી રજુ કરેલ છે અને આરોપીને લીગલ નોટીસ આંક–૨૬ વાળી આપવા છતા આરોપીએ લોનની રકમ ચુકવી આપેલ નથી જેથી હાલની ફરીયાદ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ

એકટની કલમ–૨૫ મુજબ દાખલ કરેલ છે અને આ કામે આંક–૪ થી ફરીયાદી પ્રતિકભાઇ ગુણવતભાઇ પરમારનુ પુરાવાનુ સોગંદનામુ અને આંક–૨૫ થી આંક–૩૦, આંક–૪૧ અને આંક–૪૬ થી ૪૯ સુધીના દસ્તાવેજી પુરાવા રજુ રાખેલ છે ત્યારે આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસમા વિરૂધ્ધની કોઇ હકીકત પુરવાર કરેલ નથી ત્યારે ફરીયાદી બેંકે આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર કરેલ છે તેમજ આરોપીપક્ષે બચાવના કોઇ સાહેદ તપાસેલ નથી કે સોગંદ ઉપર જુબાની આપેલ નથી ત્યારે આરોપીપક્ષ પોતાનો બચાવ પુરવાર કરી શકેલ નથી અને ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામા સફળ રહેલ છે તે સંજોગોમા આરોપીને કાયદાથી થતી સખ્ત સજા કરવા અને વળતર અપાવવા અરજ કરેલ છે.

(૫.૧) ત્યારબાદ, આરોપીના વિ.વ.શ્રી દ્વારા મૌખીક દલીલ કરી જણાવેલ કે, આ કામના આરોપીએ ફરીયાદી બેંક માંથી વાહન ધીરાણ માટે લોન લીધેલ છે પરંતુ આ કામે ફરીયાદીએ આંક–૨૫ ના મેમોરેન્ડમ મુજબ હાલની ફરીયાદ દાખલ કરેલ છે જે મેમોરેન્ડમ ખોટી રીતે ઉભુ કરેલ છે જે આરોપીએ તમામ રકમ ભરપાઇ કરવા કોઇ એસ.આઇ. મેન્ડેટ આપેલ નથી તેમજ આ કામે ફરીયાદીની વિગતવાર ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા ફરીયાદીએ જણાવેલ છે કે, માર્ક–૩૫/૪ વાળા બેંક સ્ટેટમેન્ટમા તા.૫/૭/૨૩ ના રોજ આરોપીના ખાતામા બેલેન્સ રૂા.૧,૨૨,૦૮૨.૫૬/– દર્શાવેલ છે તેમજ તા.૧૨/૭/૨૩ ના રોજ રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– ફરીયાદ, નોટીસ અને સરતપાસમા દર્શાવેલ છે આમ, આંક–૨૫ ના મેમોરેન્ડમ મુજબ તા.૧૨/૭/૨૩ ના રોજ રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– નુ મેમોરેન્ડમ ઇનસફીસીયન્ટ ફંડથી પરત આવેલ છે પરંતુ નિશાની ૩૫/૪ ના એકાઉન્ટ સ્ટેટમેન્ટ મુજબ તા.૫/૭/૨૩ ના રોજ આરોપીના લોન ખાતામા રૂા.૧,૨૨,૦૮૨.૫૬/– બાકી નીકળતા હોવાનું દર્શાવેલ છે ત્યારે તા.૧૨/૭/૨૩ ના રોજ આરોપીના ખાતામા ફરીયાદમા જણાવેલ રકમ બાકી નીકળતી હોવાનુ જણાઇ આવતુ નથી જેથી આરોપી સામેનુ કાયદેસરનુ લેણુ ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ નથી તે સંજોગોમા હાલની ફરીયાદ ટકી શકે

તેમ નથી હાલની ફરીયાદીની ફરીયાદ ફેસલ કરી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે.

(૬).. ફરીયાદીની ફરીયાદ અન્વયે ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્ધાઓ ઉપસ્થીત થાય છે.

::: મુદાઓ :::

૧. શું ફરિયાદી નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ-૨૫ હેઠળ શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શુ હુકમ ?

(૭).. ઉપરોકત મુદ્ધાઓ સબંધી મારા નિર્ણયો નીચે મુજબ છે.

::: નિર્ણયો :::

૧. મુદા નં.૧ : નકારમાં,
૨. મુદા નં.ર : આખરી હુકમ મુજબ.

// કા ર ણો //

(૮).. આ કામે આરોપી વિરુધ્ધ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ એકટની કલમ-૨૫ મુજબના શિક્ષાનેપાત્ર ગુનાની ફરિયાદ આંક-૦૧ થી દાખલ થયેલ છે. આ તબકકે પેમેન્ટ એન્ડ સેલટલમેન્ટ એકટની કલમ-૨૫ વંચાણે લેવી જરૂરી જણાય આવતી હોય જે નીચે મુજબ છે.

Section 25 in The Payment and Settlement Systems Act, 2007 25 Dishonour of Electronic Funds Transfer for insufficiency, etc., of funds in the account.

(1) Where an electronic funds transfer initiated by aperson from an account maintained by him cannot amount the ground that the beexecuted of moneystanding isinsufficient to honour the transfer instruction orthat it exceeds the amount arranged to be paid from that account by an agreement made with a bank, suchperson shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provisions of Act, be punished with imprisonment for a term which may be extended to two years, or with fine which may extend to twice the amount of the electronic funds transfer, or with both: Provided that nothing contained in this section shall apply unless

(a) the electronic funds transfer was initiated for payment of any amount of money to another person for the discharge, in whole or in part, of any debt on other liability;

(b) the electronic funds transfer was initiated in accordance with the relevant procedural guidelines issued by the system provider;

(c) the beneficiary makes a demand for the payment of the said amount of money by giving a notice in writing to the person initiating the electronic concerned funds transfer within thirty days of the receipt of the information by him from bank regarding the dishonour of the electronic funds transfer; and

(d) the person initiating the electronic funds transfer fails to make the payment of the said money to the beneficiary within fifteen days of the receipt of the said notice.

(2) It shall be presumed, unless the contrary isproved, that the electronic funds transfer was initiated for the discharge, in whole or in part, of any debt or other liability.

(3) It shall not be a defence in a prosecution for an offence under

subsection (1) that the person, who initiated the electronic funds transfer through an instruction, authorization, order or agreement, did not have reason to believe at the time of such instruction, authorization, order or agreement that the credit of his account is insufficient to effect the electronic funds transfer.

(4) The Court shall, in respect of every proceeding under this section, on production of a communication from the bank denoting the dishonour of electronic funds transfer, presume the fact of dishonour of such electronic funds transfer, unless and until such fact is disproved.

(5) The provisions of Chapter XVII Negotiable Instruments Act, 1881 (26 of 1881) shall apply to the dishonour of electronic funds transfer to the extent the circumstances admit.

Explanation. For the purpose of this section, debt or other liability means a legally enforceable debt or other liability, as the case may be.

(૯).. આમ આ કામે ઉપરોકત કરવામાં આવેલ ચર્ચા મુજબના ગુના સબબના તમામ આવશ્યક તત્વો પુરવાર કરવા માટે ફરીયાદીએ સદર એકટની કલમ–૧૪૫(૧) અન્વયે ફરીયાદની હકીકતોને સમર્થનકારક પુરાવાનુ સોગંદનામાથી રજુ કરી આરોપીએ તકરારી ચેક કાયદેસરના દેવા પેટે આપેલાની હકીકતોનુ પુનોચ્ચારણ કરી આંક–૨૫ થી ૩૨ તથા આંક–૪૧ થી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે. ફરીયાદીનુ આંક–૪ થી પુરાવાનું સોગંદનામું રજુ મૌખિક પુરાવો ધ્યાને લેતા આંક–૨૫ થી આરોપીની બેંક દ્વારા આપવામા આવેલ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન રીર્ટન કર્યાનો મેમો ધ્યાને લેતા તકરારી ચેક 'ઈનસફીસીયન્ટ ફંડ" ના શેરા સાથે પરત આવેલ છે. આંક –૨૫ આરોપીની બેંક દ્વારા આપવામા આવેલ સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન રીર્ટન કર્યાનો મેમાના આધારે ફરીયાદીએ આરોપીને આંક–૨૬ થી માંગણાની નોટીસ

આપેલી જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવા છતા આરોપીએ ચેક મુજબની રકમ ચુકવી આપેલ નથી. **નામદાર સુપ્રિમ કોર્ટનો રંગપ્પા વિ. મોહન, 2010 AIR SCW** મા પ્રતિપાદિત સિધ્ધાંત ધ્યાને લેતા જો આરોપી પોતાનો પ્રોબેબલ ડીફેન્સ રજુ ન કરી શકે તો ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ આરોપીની વિરુધ્ધમાં અનુમાન કરવાનુ રહે છે. આરોપીનો બચાવ પ્રોબેબલ હોવો જોઈએ તેણે એક સંભાવવાની બહુતુલ્યતા બતાવવાની છે અને આરોપીએ પોતાનો બચાવ માટે વીટનેશબોક્ષમા આવવાની જરૂર નથી તે ફરીયાદીના પ્રત્યક્ષ કે પરોક્ષ પુરાવા ઉપરથી પણ આપી શકે છે પરંતુ આ કામે આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી.

(૧૦).. ફરીયાદીની આરોપીપક્ષ તરફે ઉલટ તપાસ કરવામા આવેલ જેમા ફરીયાદી એ જણાવેલ કે, '' એ વાત ખરી છે કે, હાલની ફરીયાદ સાથે બોર્ડ ઓફ રેઝોલ્યુશનની ખરી નકલ કે અસલ રજુ રાખેલ નથી. હુ બોર્ડ ઓફ રીઝોલ્યુશનની અસલ નકલ રજુ કરવા તૈયાર છુ. આ કામના આરોપીને ટુ વ્હીલર લોન ઈશ્યુ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ લોન એગ્રીમેન્ટ રજુ કરેલ છે. એ વાત ખરી છે કે, ફરીયાદ, નોટીસ કે સરતપાસનો સોગંદનામામા ટુ વ્હીલરના નંબર અને કઈ કંપનીના વાહન ઉપર લોન આપેલ તે હકીકત જણાવેલ નથી. સામાન્ય રીતે ચેક બાઉન્સ ચાર્જ રૂ.૪૫૦+ જી.એસ.ટી. હોય છે.મને આંક–૩૦ વાળુ સ્ટેટમેન્ટ બતાવવામા આવે છે જેમા ચેક બાઉન્સ ચાર્જ સામે રકમ રૂ.૧૭,૩૪૬ / – દર્શાવેલ છે. પેન્ડીંગ ઈન્સ્ટોલમેન્ટ એટલે બાકી રહેતા હપ્તા થાય છે. એ વાત ખરી છે કે, બાકી રહેતા હપ્તા આરોપીએ ભવિષ્યમા ભરવાના હોય છે. મને આંક–૩૦ વાળો દસ્તાવેજ બતાવવામાં આવે છે જેમા પેન્ડીંગ ઈન્સ્ટોલમેન્ટ સામે રકમ રૂ.૧,૦૭,૦૮૪–૫૬ દર્શાવેલ છે. પ્રિન્સીપાલ આઉટસ્ટેન્ડીંગ એટલે મુડી પેટે બાકી રકમ થાય તેની સામે રકમ રૂ.૧૦,૬૨૮/– દર્શાવેલ છે. મને માર્ક ૩૫/૪ બતાવવામા આવે છે જે જોઈને કહુ છુ કે, LIST OF EMI UNPAID અને LIST OF P.D.C. CLEAR ના બે કોષ્ટક છે જેમા સીટીમા મુંબઈ અને બ્રાન્ચમા સેન્ડોઝ હાઉસ લખેલ છે.સદર માર્ક ૩૫/૪ વાળુ સ્ટેટમેન્ટ છે જે

આરોપીના લોન એકાઉન્ટનુ સ્ટેટમેન્ટ છે જેમા ઉપરોકત વિગત લખાયેલ છે તેનુ કારણ ગ્રાહકની સેવીંગ એકાઉન્ટની બેંકની રજીસ્ટર્ડ ઓફીસની વિગત દર્શાવેલ છે. મને આરોપીનુ લોન સ્ટેટમેન્ટ માર્ક ૩૫/૪ બતાવવામા આવે છે જેમા તા.૦૫–૦૭–૨૦૨૩ના રોજ બેલેન્સ બાજુ રકમ રૂ.૧,૨૨,૦૮૨–૫૬ દર્શાવેલ છે.મને માર્ક ૩૫/૦૩ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે SI MANDATE છે એ વાત ખરી છે કે, સદર દસ્તાવેજમા આરોપીની સહી નથી તેમજ સ્થળ અને તારીખ દર્શાવેલ નથી. સાહેદ જણાવે છે કે, સદરહુ લોન ગ્રાહક દ્વારા પોતાના નેટ બેંકીંગ આઇ.ડી. પાસવર્ડથી મેળવેલ હોય જેથી તેમા તેની સહી નથી. મને મારી ફરીયાદ, નોટીસ તેમજ સરતપાસનો સોગંદનામુ બતાવવામા આવે છે જે જોઇને જણાવુ છુ કે, આ કામના આરોપી પાસે તા–૧૨–૦૭–૨૦૨૩ ના રોજ રૂ.૧,૩૫,૭૭૦–૫૬ની લેણી રકમ વસુલ કરવા અંગેની હકીકત દર્શાવેલ છે. ''

(૧૧).. આ કામે ફરીયાદી બેંક દ્વારા આરોપી સામે હાલની ફરીયાદ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ–૨૫ મુજબ દાખલ કરેલ છે ત્યારે આ કામના આરોપીને ફરીયાદી બેંક દ્વારા ટુ વ્હીલર લોન આપવામા આવેલી અને સદરહુ લોન નં.૮૯૩૬૪૪૧ થી આપવામાં આવેલી સદરહુ લોન સબંધેના ધોરણસરના માસીક હપ્તા ફરીયાદી બેંક દ્વારા આરોપી પાસેથી લોન મંજુર કરતી વખતે (એસ.આઈ.)/ઈલેકટ્રોનીક કલીયરન્સ સીસ્ટમ (ઈ.સી.એસ.) /ઓટોમેટેડ કલીયરીંગ હાઉસ (એ.સી.એચ.) મેન્ડેટ મારફત હપ્તા આરોપીના ખાતા માંથી કપાત કરવા આરોપીએ મેન્ડેટ આપેલ હોવાથી ફરીયાદી બેંક આરોપીને આપેલ લેણી રકમ વસુલ કરવા હકકદાર થયેલ હતી અને તે મુજબ તા.૧૨/૭/૨૦૨૩ ના રોજ રકમ રૂા. ૧,૩૫,૭૭૦.૫૬/– આરોપીના ખાતામાં બેલેન્સ ન હોવાથી ઈ.સી.એસ. " ઈનસફીસીયન્ટ ફંડ" ના શેરાથી રીર્ટન થયેલ. જે અનુસંધાને ફરીયાદી બેંક દ્વારા આરોપીને તા.૨૮/૭/૨૦૨૩ ના રોજ લીગલ નોટીસ વકીલશ્રી મારફત આપેલ જે નોટીસ તા.૪/૮/૨૦૨૩ ના રોજ આરોપીને બજી ગયેલ તેમ છતા આરોપીએ પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ–૨૫ મુજબ નોટીસમા જણાવેલ બાકી રકમ નીયત રકમ ચુકવી આપેલ ફરીયાદીએ હાલની ફરીયાદ

નામદાર કોર્ટમા દાખલ કરેલ છે. જે અનુસંધાને ફરીયાદપક્ષે નામદાર કોર્ટમા આંક–૨૫ થી આરોપીની બેંક દ્રારા આપવામા આવેલ સ્ટેન્ડીટ ઈન્સ્ટ્રકશન કર્યાનો મેમો આંક–૨૬ થી ફરીયાદીએ તહોમતદારને આપેલ લીગલ નોટીસ, આંક–૨૭ થી રજી.એડી.ની લીગલ નોટીસની પહોંચ, આંક–૨૮ આરોપીને નોટીસ બજી એકનોલેજમેન્ટ સ્લીપ/ટ્રેક કન્સાઈનમેન્ટ, આંક–૨૯ થી પાવર ઓફ એર્ટની, આંક–૩૦ થી એકાઉન્ટ સ્ટેટમેન્ટ, આંક–૩૧ થી બોર્ડ રીઝોલ્યુશન, આંક–૩૨ ફરીયાદીનુ આઇકાર્ડ, આંક–૪૧ થી ૬૫(બી) નુ સર્ટીફીકેટ રજુ રાખવામા આવેલ છે જયારે આંક–૪ થી ફરીયાદીનુ પુરાવાનુ સોગંદનામુ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૫ મુજબ રજુ રાખવામા આવેલ છે. જે સોગંદનામામા ફરીયાદપક્ષે આંક–૧ ની ફરીયાદ હકીકતને સમર્થન કરેલ છે. વધુમા ફરીયાદીએ તેના પુરાવાના સોગંદનામામા જણાવેલ છે કે આ કામના આરોપીએ ફરીયાદી પાસેથી લોન નં.૮૯૩૬૪૪૧ થી ટુ વ્હીલર લોન લીધેલી જે લોનની રકમ ચુકવવા માટે આરોપીએ તેમની એચ.ડી.એફ.સી. બેંક લી.ના બેંક ખાતા નં.૫૦૧૦૦૨૫૦૬૯૩૮૬૨ માંથી તે લોનની રકમ ઉપાડી લેવાની સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશન ફરીયાદી બેંકને આપેલી અને સદર સ્ટેન્ડીંગ ઈન્સ્ટ્રકશનના આધારે ફરીયાદીએ રાજકોટ શાખાની બેંકમા તહોમતદારની એચ.ડી.એફ.સી. બેંક લી. ના ખાતા નં.૫૦૧૦૦૨૫૦૬૯૩૮૬૨ માં રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– વસુલવા માટે તા.૧૨/૭/૨૦૨૩ ના મોકલતા પરંતુ આરોપીની બેંક તરફથી તા.૧૨/૭/૨૦૨૩ ના રોજ ફંડ ઈનસફીસીયન્ટ ના શેરા થી તે રકમ ચુકવ્યા વગરની લેણી રકમ ન મળતા ફરીયાદી બેંકમા પરત આવેલ જેથી બેંકને તેની કાયદેસરની કાર્યવાહી કરેલ છે અને હાલની ફરીયાદ ફરીયાદી દ્રારા મુદત સમયમા દાખલ કરેલ છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે હાલની ફરીયાદ આરોપી સામે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટ ૨૦૦૭ ની કલમ–૨૫ મુજબ દાખલ કરેલ છે ત્યારે આ કામના ફરીયાદી એચ.ડી.એફ.સી. બેંક લી. તે રજીસ્ટર્ડ કંપની છે અને જેના અધિકૃત ઓથોરાઇઝ ઓફીસર તરીકે પ્રતિક ગુણવતભાઇ પરમાર નાઓએ

આંક–૩૧ ના બોર્ડ રીઝોલ્યુશન આધારે તેમજ આંક–૨૯ ના કુલમુખત્યારનામા આધારે હાલની ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે ત્યારે આ કામના આરોપી દ્વારા ફરીયાદી બેંક માંથી ટુ વ્હીલર લોન માટે અરજી કરેલી જે અરજી અનુસંધાને આ કામના આરોપીના લોન કરાર નં.૮૯૩૬૪૪૧ ના લોન કરાર અનુસંધાને બેંકના નિયમોને આધીન આ કામના આરોપીને લોન ધીરાણ આપવામા આવેલ અને સદર લોન ધીરાણની રકમ ચુકવવા માટે આ કામના આરોપીએ ફરીયાદી બેંકને ઇલેકટ્રોનીક કલીયરીગ સીસ્ટમ(ઇ.સી.એસ.) અને સ્ટેન્ડીંગ ઇન્સટ્રકશન અને લોન ધીરાણની રકમ તેમના ખાતા માંથી ચુકવવામા આવેલ અને આ કામના આરોપીના ખાતામા તા.૧૨/૭/૨૩ ના રોજ લોન ધીરાણની રકમ રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– માટે સ્ટેન્ડીંગ ઇન્સ્ટ્રકશન મુજબ કાર્યવાહી કરતા આરોપીના ખાતામા પુરતુ બેલેન્સ ન હોવાથી આરોપીએ આપેલ એસ.આઇ.મેન્ડેટ આંક–૨૫ ના મેમોરેન્ડમ મુજબ ઇનસફીસીયન્ટ ફંડ ના શેરાથી પરત આવેલ અને આ કામના આરોપીને આંક–૨૬ વાળી ડીમાન્ડ નોટીસ ફરીયાદી વકીલશ્રી મારફત આંક–૨૭ ના દસ્તાવેજ મુજબ આપવામા આવેલ જે આંક–૨૮ ના ટ્રેક કન્સાઇન્મેન્ટ મુજબ તા.૪/૮/૨૩ ના રોજ ધોરણસર બજવણી થઇ ગયેલ તેમ છતા આરોપીએ નોટીસ મુજબ બાકી લેણી રકમ ન ચુકવાતા હાલની ફરીયાદ દાખલ કરવામા આવેલ છે ત્યારે આંક–૪ થી ફરીયાદી પ્રતિક ગુણવતભાઇ પરમાર લીગલ મેનેજર એચ.ડી.એફ.સી. બેંક મેનેજરનાઓએ પુરાવાનુ સોગંદનામુ રજુ કરેલ છે અને સદર સોગંદનામામા આંક–૧ ની હકીકતને સમર્થન કરેલ છે ત્યારે આરોપીપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરવામા આવતા ફરીયાદીએ જણાવેલ છે કે આ કામના આરોપીને ટુ વ્હીલર લોન ઇસ્યુ કરવામા આવેલ છે ત્યારે આરોપીપક્ષે ફરીયાદીની કરેલ ઉલટ તપાસ અને ફરીયાદ હકીકત વંચાણે લેતા ફરીયાદી બેંકે આરોપીને ટુ વ્હીલર લોન આપેલ હતી તે હકીકત ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે ત્યારે આ કામે આરોપી તરફે ફરીયાદીની કરેલ ઉલટ તપાસમા લોન એગ્રીમેન્ટ રજુ કરેલ નથી પરંતુ જયારે લોન ધીરાણ મેળવેલ હોવાની હકીકત આરોપીપક્ષે સ્વીકૃત કરેલ છે ત્યારે લોન એગ્રીમેન્ટ

રજુ કરેલ ન હોવાથી આરોપીએ લોન ધીરાણ લીધેલ નથી તેવી વિરૂધ્ધની કોઇ હકીકત આરોપીપક્ષ પુરવાર કરી શકેલ નથી.

(૧૩) આ કામના ફરીયાદીની આંક–૧ ની ફરીયાદ આંક–૨૬ ની નોટીસ તેમજ આંક–૪ ના પુરાવાના સોગંદનામામા ફરીયાદીએ જણાવેલ છે કે આ કામના આરોપીને ટુ વ્હીલર લોન ધીરાણ આપવામા આવેલ જેનો લોન એગ્રીમેન્ટ નં.૮૯૩૬૪૪૧ થી એગ્રીમેન્ટ કરવામા આવેલ હતો પરંતુ ફરીયાદીની આરોપીપક્ષે ઉલટ તપાસમાં જણાવેલ છે કે, '' એ વાત ખરી છે કે, ફરીયાદ, નોટીસ કે સરતપાસના સોગંદનામામા ટુ વ્હીલરના નંબર અને કઇ કંપનીના વાહન ઉપર લોન આપેલ તે હકીકત જણાવેલ નથી.'' આમ, આરોપીને લોન ધીરાણ આપવામા આવેલ છે તે હકીકત આંક–૨૫, આંક–૩૦ અને આંક–૪૬ થી ૪૯ સુધીના દસતાવેજો વંચાણે લેતા ફરીયાદપક્ષે પુરવાર કરેલ છે તેમજ આ કામના આરોપીએ આંક–૪૮ થી લોન ધીરાણની રકમ ચુકવવા માટે એસ.આઇ. મેન્ડેટ આપેલ છે તે હકીકત પણ પુરવાર થયેલ છે ત્યારે આરોપીપક્ષે આંક–૪૮ ના એસ.આઇ.મેન્ડેટ સબંધે ફરીયાદીની ઉલટ તપાસ કરેલ છે જેમા ફરીયાદીએ જણાવેલ છે કે, '' મને માર્ક–૩૫/૩ વાળો દસ્તાવેજ બતાવવામા આવે છે જે SI MANDATE છે એ વાત ખરી છે કે, સદર દસ્તાવેજમા આરોપીની સહી નથી તેમજ સ્થળ અને તારીખ દર્શાવેલ નથી સાહેદ સ્વૈચ્છાએ જણાવે છે કે સદરહુ લોન ગ્રાહક દ્રારા પોતાના નેટ બેકીંગ આઇ.ડી.પાસવર્ડથી મેળવેલ હોય જેથી તેમા તેની સહી નથી.'' આમ, હાલના આરોપીએ ફરીયાદી બેંક માંથી આંક–૪૬ ની લોન એપ્લીકેશન ઓનલાઇન નેટ બેકીંગથી આપેલ છે અને તે આધારે આંક–૪૭ નુ લોન એગ્રીમેન્ટ કરેલ છે અને આંક–૪૮ નુ એસ.આઇ. મેન્ડેટ આપવામા આવેલ છે ત્યારે સદર દસ્તાવેજ નેટ બેકીંગના ઓનલાઇન ઇલેકટ્રોનીક દસ્તાવેજ છે અને સદર દસ્તાવેજની કાયદેસરતા બાબતે ફરીયાદપક્ષે આ કામે આંક–૩૯ ના લીસ્ટથી આંક–૪૧ થી ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૬૫(બી) મુજબ રજુ કરવામા આવેલ છે ત્યારે સદર દસ્તાવેજ ઇલકટ્રોનીક દસ્તાવેજો છે અને યોગ્ય પર્ફોમામા રજુ કરવામા આવેલ છે અને તેમા કોઇ છેડછાડ થયેલ નથી તે હકીકત પુરવાર થાય છે તેમજ આંક–૪૬

થી આંક–૪૮ ના દસ્તાવેજો નેટ બેકીંગના દસ્તાવેજો છે અને તેમા જણાવેલ છે કે, '' Applied, Accepted, Authenticated, Signed and Delivered by the Borrower through Net Banking using my Net Banking Customer ID & Password, by ticking the "I agree" icon on the online system/Net Banking/Website of HDFC Bank as well as by entering the one time password(otp) '' આમ, આ કામના આરોપીએ નેગ બેકીંગથી લોન ધીરાણની અરજી કરેલ છે અને તે આધારે એગ્રીમેન્ટ કરી એસ.આઇ. મેન્ડેટ આપેલ છે ત્યારે સદર નેટ બેકીંગના નીયમ મુજબ આરોપીએ પોતાના કસ્ટરમર આઇ.ડી. અને પાસવર્ડથી ફરીયાદી બેંકને '' I agree '' મારફત પાસવર્ડ ઓ.ટી.પી.થી સંમતી આપેલ છે તે સંજોગોમા સદર આંક–૪૬ થી આંક–૪૮ સુધીના દસ્તાવેજમા આરોપીની સહી નથી પરંતુ પાસવર્ડ અને ઓ.ટી.પી.થી આરોપી દ્વારા પોતાની સહીથી સંમતી આપેલ હોવાનુ જણાવેલ છે અને તે સંજોગોમા આંક–૪૬ થી આંક–૪૮ સુધીના આરોપીની સહી ન હોવાનુ આરોપીપક્ષે લીધેલ બચાવ ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

(૧૪) આ કામે ફરીયાદી બેંકે રજુ કરેલા મૌખીક અને દસ્તાવેજી પુરાવાથી આ કામના આરોપીને ટુ વ્હીલર લોન ધીરાણ આપવામા આવેલ હતુ અને લોન ધીરાણ સબંધે આ કામના આરોપીએ આંક–૪૮ થી આપેલ એસ.આઇ. મેન્ડેટ અનુસંધાને આરોપીના ખાતા નંબર ૫૦૧૦૦૨૫૦૬૯૩૮૬૨ માં રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– જેટલી રકમ નુ ભંડોળ ન હોવાથી તા.૧૨/૭/૨૩ ના રોજ આંક–૨૫ ના મેમોરેન્ડમ મુજબ ઇનસફીસીયન્ટ ફંડના શેરાથી સ્ટેન્ડીંગ ઇન્સ્ટ્રકશન પરત ફરેલ અને તે રીતે આરોપીએ ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ એકટની કલમ–૨૫ મુજબનો ગુનો કરેલ હોવાની ફરીયાદ દાખલ કરેલ છે ત્યારે ઉપરોકત રીફર કરેલ કલમ–૨૫ ની જોગવાઇ વંચાણે લેતા, સદર કલમ–૨૫ મુજબની ફરીયાદને ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રમેન્ટ એકટની જોગવાઇ લાગુ પડે છે ત્યારે આરોપીપક્ષે

વિ.વ.શ્રીએ તેઓની દલીલમા લીધેલ બચાવ મુજબ આ કામના ફરીયાદીની આરોપી પાસે કાયદેસરનુ લેણુ નીકળતુ ન હોવાનુ જણાવે છે અને તે સબંધે કાયદેસરના લેણા અંગે ધી નેગોશીયબેલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના સ્પષ્ટીકરણ વંચાણે લેતા નીચે મુજબ છે.

***Explanation.—* For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.]**

ઉપરોકત જોગવાઇ સાથે હાલના ફરીયાદીના મૌખીક પુરાવા તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે આરોપીની ઉલટ તપાસ વંચાણે લેતા ફરીયાદીએ તેમની ફરીયાદ, નોટીસ અને આંક–૪ ના પુરાવાના સોગંદનામામા ફરીયાદીએ જણાવેલ છે કે આ કામના આરોપીએ આંક–૪૮ ના આપેલ એસ.આઇ.મેન્ડેટ અનુસંધાને આરોપીના સેવીંગ ખાતામા રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– ની રકમ ન હોવાથી આંક–૨૫ નુ મેમોરેન્ડમ ઇનસફીસીયન્ટ ફંડ ના શેરા સાથે પરત આવેલ છે ત્યારે આ કામે આરોપીપક્ષે ફરીયાદીની આંક–૪ ની ઉલટ તપાસ કરવામા આવેલ છે જેમા ફરીયાદીએ જણાવેલ છે કે, '' મને આરોપીનુ લોન સ્ટેટમેન્ટ માર્ક–૩૫/૪ બતાવવામા આવે છે જેમા તા.૫/૭/૨૩ ના રોજ બેલેન્સ બાજુ રકમ રૂા.૧,૨૨,૦૮૨.૫૬/– દર્શાવેલ છે. મને મારી ફરીયાદ, નોટીસ તેમજ સરતપાસનુ સોગંદનામુ બતાવવામા આવે છે જે જોઇને જણાવુ છે કે, આકામના આરોપી પાસે તા.૧૨/૭/૨૩ ના રોજ રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– ની લેણી રકમ વસુલ કરવા અંગેની હકીકત દર્શાવેલ છે.'' આમ, ફરીયાદી દ્વારા ફરીયાદમા તા.૧૨/૭/૨૩ ના રોજ રૂા.૧,૩૫,૭૭૦.૫૬/– બાકી લેણી રકમ દર્શાવેલ છે પરંતુ આ કામે આંક–૪૯ થી રજુ કરેલ છે જે વંચાણે લેતા તા.૫/૭/૨૩ ના રોજ

તારીખ	વિગત	જમા/ઉધાર	બેલેન્સ
૫/૭/૨૩	ડયુ ફોર ઇન્સ્ટોલમેન્ટ અમાઉન્ટ ૩૨	૩૬૪૩.૦૦	૧,૨૧,૫૫૧.૫૬

૫/૭/૨૩	પેમેન્ટ રીસીવ્ડ	૩૬૪૩.૦૦	૧,૧૭,૯૦૮.૫૬
૫/૭/૨૩	ઈન્સ્ટોલમેન્ટ બાઉન્સ	૩૬૪૩.૦૦	૧,૨૧,૫૫૧.૫૬
૫/૭/૨૩	ડ્યુ ફોર ચેક બાઉન્સીંગ ચાર્જીસ	૫૩૧.૦૦	૧,૨૨,૦૮૨.૫૬
૩૧/૭/૨૩	ડ્યુ ફોર ડીલેડ ઈન્સ્ટોલમેન્ટ પેમેન્ટ ચાર્જીસ	૧૦૪૫.૦૦	૧,૨૩,૧૨૭.૫૬

આમ, ફરીયાદી દ્વારા આંક−૪૯ થી રજુ કરેલ બેંક સ્ટેટમેન્ટમા ઉપરોકત વિગતે આરોપીના ખાતામાં લોન ધીરાણની બાકી લેણી રકમ વંચાણે લેતા તા.૫/૭/૨૩ ના રોજ કુલ બાકી લેણી રકમ રૂા.૧,૨૨,૦૮૨.૫૬/− બાકી નીકળે છે અને તા.૩૧/૭/૨૩ ના રોજ કુલ રૂા.૧,૨૩,૧૨૭.૫૬/− બાકી નીકળે છે ત્યારે તા.૧૨/૭/૨૩ ના રોજ આરોપીના ખાતામા કુલ રૂા.૧,૩૫,૭૭૦.૫૬/− બાકી નીકળતા હોય તે હકીકત આંક−૪૯ ના બેંક સ્ટેટમેન્ટમા જણાઈ આવતી નથી.જેથી ફરીયાદી આંક−૪૯ ના સ્ટેટમેન્ટના આધારે આરોપી પાસે આંક−૨૫ ના મેમોરેન્ડમ મુજબ રૂા.૧,૩૫,૭૭૦.૫૬/− બાકી લેણી રકમ નીકળતી હોવાનુ જણાવે છે પરંતુ સદર આંક−૪૯ નુ બેંક સ્ટેટમેન્ટ તથા ફરીયાદીની ફરીયાદ તથા નોટીસ અને સોગંદ પરનો પુરાવો વંચાણે લેતા ફરીયાદીએ કોઇ સ્પષ્ટતા કરેલ નથી કે રૂા.૧,૩૫,૭૭૦.૫૬/− આરોપી પાસે તા.૧૨/૭/૨૩ ના રોજ કેવી રીતે બાકી નીકળે છે ત્યારે ફરીયાદપક્ષ આંક−૪૯ ના આરોપીના લોન સ્ટેટમેન્ટ મુજબ તા.૧૨/૭/૨૩ ના રોજ આરોપી પાસે રૂા.૧,૩૫,૭૭૦.૫૬/− કાયદેસરની વસુલ કરી શકાય તેવી લેણી રકમ બાકી નીકળતી હતી તે હકીકત પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ છે જયારે આરોપીપક્ષ ફરીયાદીની આંક−૪ ની ઉલટ તપાસ થકી પ્રોબેબીલીટી ઓફ પ્રિપોન્ડરસથી પોતાનો બચાવ પુરવાર કરવામા સફળ રહેલ છે અને ફરીયાદીની આરોપી પાસે તા.૧૨/૭/૨૩ ના રોજ કાયદેસરનુ લેણુ **(legally enforceable debt)** બાકી નીકળતી હોવાની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરવામા નિષ્ફળ રહેલ છે ત્યારે આરોપીને તકસીરવાન

ઠરાવી શકાય નહી.

(૧૫) આમ ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર ફરીયાદીની જુબાની તથા તેઓની ઉલટ તપાસ તથા રેકર્ડ પરના તમામ દસ્તાવેજી પુરાવાઓ તથા આરોપના વિ.વ.શ્રી નાઓએ રજુ કરેલા પુરાવા તથા મૌખીક દલીલનુ એકીસાથે મુલ્યાંકન કરતા આ અદાલતનુ એમ સ્પષ્ટપણે માનવુ છે કે, આ કામે આરોપી વિરૂધ્ધ કરવામા આવતા અનુમાનોનુ ખંડન આરોપી વાજબી પુરાવા તથા ખુલાસાઓથી ખંડન કરી શકેલ છે અને ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી તેવુ આ અદાલતનુ સ્પષ્ટપણે માનવુ છે. આમ, ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર **મુદા નં.૧** નો નિર્ણય હુ **નકારમા** આપુ છુ અને **મુદા નં.૨** નો જવાબ પરત્વે ન્યાયના વીશાળ હિતમા નીચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

<u>:: આખરી હુકમ ::</u>

(૧) આ કામના આરોપી **Manek Vanraj Nandhubha**, રહે.ટીવી સ્ટેશન સામે, ટેલીફોન ગેટ, ઓખા મંડળ, દ્રારકા ખંભાળીયા નાઓને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૫૫(૧) અન્વયે ધી પેમેન્ટ એન્ડ સેટલમેન્ટ સીસ્ટમ્સ એકટ, ૨૦૦૭ ની કલમ–૨૫ મુજબના ગુન્હા અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) વધુમા, આરોપીને એવો હુકમ કરવામા આવે છે કે, તેઓએ સી.આર.પી.સી.ની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીએ રૂા.૧૦,૦૦૦/– ના જામીન આપવા.

આ હુકમ આજ તારીખ ૧૧, માહે : ઓગસ્ટ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૮/૨૦૨૬
રાજકોટ

(રાજેશકુમાર રમણલાલ મિસ્ત્રી)
૧૦ માં અધિક ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
(સ્પે.નેગો.કોર્ટ), રાજકોટ
જી.જે.૦૧૧૬૯